# લેશ્યા

સામાન્ય રીતે જોઈએ તો દરેક વ્યક્તિના ચહેરા ઉપર એમની ચામડીના વર્ણ ઉપરાંત કંઈક ચમક, ઝાંય કે આભા જેવું કશુંક વરતાય છે. બધા માણસોની પ્રકૃતિ, વિચારધારા, ભાવના ઇત્યાદિ એકસરખા નથી હોતાં અને એકના એક માણસના વિચારો, ભાવો ઇત્યાદિમાં પણ વખતોવખત પરિવર્તન આવે છે અને તદનુસાર આ આભા બદલાતી દેખાય છે. એક ધૂપસળીમાંથી જેમ સતત ધૂમ્રસેર નીકળતી રહે છે અને એ વધતી ઘટતી કે વળાંકો લેતી રહે છે તેવી રીતે મનુષ્યના ચિત્તમાંથી વિચારધારા, ભાવતરંગ અવિરત વહ્યા કરે છે અને તેનો પ્રભાવ એના ચહેરા ઉપર, મસ્તક ઉપર અને અનુક્રમે સમગ્ર શરીર ઉપર પડે છે. આ ભાવતરંગ અનુસાર એની સાથે વિવિધ રંગનાં સૂક્ષ્મ-સૂક્ષ્મતર પુદ્ગલ પરમાણુઓ પણ નીકળે છે અને વિશેષતઃ મસ્તકમાં અને અનુક્રમે સમગ્ર શરીરમાં પ્રસરી જાય છે. સામાન્ય અર્થમાં સમજવા માટે આ ભાવધારા અને પુદ્ગલ પરમાણુઓને લેશ્યા કહેવામાં આવે છે.

'લેશ્યા' જૈન ધર્મનો એક પારિભાષિક વિષય છે. એનો સંબંધ મનમાં ઊઠતા ભાવોની સાથે, આત્મામાં ઉદ્ભવતા અધ્યવસાયોની સાથે છે. વળી લેશ્યાનો સંબંધ વિવિધ અધ્યવસાયો સાથે ઉદ્ભવતા-પરિણમતા વિવિધરંગી પુદ્ગલ પરમાણુઓ સાથે પણ છે.

આ પુદ્ગલ પરમાણુઓને દ્રવ્યલેશ્યા કહેવામાં આવે છે. એની સાથે સંકળાયેલા ભાવો, અધ્યવસાયોને ભાવલેશ્યા કહેવામાં આવે છે.

'લેશ્યા' શબ્દના જુદા જુદા સામાન્ય અર્થ થાય છે, જેમ કે લેશ્યા એટલે તેજ, જ્યોતિ, કિરણ, જ્વાળા, દીપ્તિ, બિમ્બ, સૌન્દર્ય, સુખ, વર્ણ ઇત્યાદિ.

લેશ્યા શબ્દના વિશેષ અર્થ થાય છે અધ્યવસાય, અંતઃકરણની વૃત્તિ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આત્મપરિણામ, અંતર્જગતની ચેતના, આભામંડળ, આત્મપરિણામ માટે નિમિત્તભૂત દ્રવ્યવિશેષ.

પ્રાકૃતમાં 'લેસ્સા' શબ્દ વપરાય છે. 'લેસ્સા' શબ્દ 'લસ્' ઉપરથી વ્યુત્પન્ન કરાય છે. 'લસ્' એટલે ચમકવું.

લેશ્યાની જુદી જુદી વ્યાખ્યા અપાય છે. ઉત્તરાધ્યયનની ટીકામાં કહ્યું છે :

**लेशयति श्लेषयतीवात्मनि जननयनानीति लेश्या ।**

[ જે લોકોની આંખોને પોતાના તરફ આકૃષ્ટ કરે છે તે લેશ્યા છે. ]

આવશ્યક સૂત્રની ટીકામાં શ્રી હરિભદ્રસૂરિએ કહ્યું છે :

**श्लेषयन्त्यात्मानमष्टविधेन कर्मणा इति लेश्याः ।**

[ જે આત્માને અષ્ટવિધ કર્મ ચોંટાડે છે તે લેશ્યા છે. ]

योगपरिणामो लेश्या ! અર્થાત્ લેશ્યા એ યોગપરિણામ છે.

कर्मनिस्यंदो लेश्या – લેશ્યા એ કર્મનિસ્યંદરૂપ છે. (કર્મમાંથી વહેતો પ્રવાહ છે.)

દિગંબર ગ્રંથ 'ધવલા'ની ટીકામાં કહ્યું છે :

लिम्पतीति लेश्या । – જે કર્મોને આત્મા સાથે લિપ્ત કરે છે તે લેશ્યા.

कषायोदयरंजिता योगप्रवृत्तिर्लेश्या । – લેશ્યા એ કષાયોદયથી અનુરંજિત યોગપ્રવૃત્તિ છે. (આ વ્યાખ્યા અધૂરી ગણાય છે, કારણ કે સયોગી કેવલીને કષાય નથી હોતા, પણ શુકલ લેશ્યા હોય છે.)

શ્રી અભયદેવસૂરિએ ભગવતી સૂત્રની ટીકામાં દ્રવ્ય લેશ્યા માટે કહ્યું છે :

कृष्णादि द्रव्य सान्निध्यजनितो जीव परिणामो लेश्या ।

[ કૃષ્ણ વગેરે દ્રવ્યના સાન્નિધ્યથી જે જીવપરિણામ ઉત્પન્ન થાય છે તે લેશ્યા. ]

વળી કહ્યું છે :

**कृष्णादि द्रव्य साचिव्यात् परिणामो य आत्मनः ।**
**स्फटिकस्येव तत्रायं, लेश्या शब्द प्रयुज्यते ।।**

વળી ભાવલેશ્યા માટે એમણે કહ્યું છે :

**कृष्णादि द्रव्य साचिव्य जनिताऽत्मपरिणामरुपा भावलेश्या ।**

[ કૃષ્ણાદિ દ્રવ્યના સાન્નિધ્યથી જે આત્મપરિણામરૂપ ભાવ ઉત્પન્ન થાય છે તે ભાવલેશ્યા. ]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપણા મનમાં ભાવો, વિચારતરંગો સતત બદલાતા રહે છે. એક ક્ષણ પણ ચિત્ત નવરું પડતું નથી. ક્યારેક કદાચ આપણે એ વિશે સભાન ન પણ હોઈએ, પણ ભાવતરંગો તો નિરંતર, ઊંઘમાં પણ ચાલતા જ રહે છે.

વ્યવહારજગતમાં આપણે વિવિધ પ્રકારના મનુષ્યો જોઈએ છીએ. દરેક માણસના ચહેરા ભિન્ન ભિન્ન છે અને એ દરેક ચહેરા પરનું તેજ પણ ભિન્ન ભિન્ન છે, એટલું જ નહીં, એક જ વ્યક્તિના ચહેરા પર પણ વારંવાર તેજ બદલાય છે. એક પ્રતિષ્ઠિત માણસ હોય અને કોઈ એનું ખરાબ રીતે જાહેરમાં અપમાન કરે તો એના ચહેરાના હાવભાવ બદલાઈ જાય છે. કોઈક પ્રામાણિક ગણાતો માણસ કંઈક ચોરી કરતાં રંગે હાથ પકડાઈ જાય કે તરત એનું મોઢું પડી જાય છે, મ્લાન થઈ જાય છે. માણસ અત્યંત પ્રસન્ન હોય પણ અચાનક ચિંતાના ગંભીર સમાચાર આવતાં વ્યગ્ર બની જાય ત્યારે એનો ચહેરા પરની રેખાઓ અને રંગો બદલાઈ જાય છે. માણસ નિરાશ બેઠો હોય અને એકદમ કોઈ સરસ ખુશખબર આવે કે તરત તે જોઈ ઉત્સાહમાં આવી જાય તો એના ચહેરા પર રોશની પથરાઈ રહે છે. માણસની ભૂલ થાય અને અને એને અપમાનજનક ઠપકો આપવામાં આવે તો એનું મોઢું પડી જાય છે. ક્રોધના ભાવે આવેશમાં કોઈ માણસ આવી જાય તો એનો ચહેરો પહેલાં લાલ થાય અને પછી કાળો પડી જાય છે. આ બધું બતાવે છે કે માણસના દેહમાં રંગોની કોઈક સૂક્ષ્મ પ્રક્રિયા થયા કરે છે.

આ સૂક્ષ્મ પ્રક્રિયા તે લેશ્યા છે. આપણા બાહ્ય દેખાતા શરીરની અંદર આપણા આત્મા સાથે, (આત્મપ્રદેશો સાથે) જોડાયેલાં બીજાં બે સૂક્ષ્મ શરીર હોય છે. એક શરીર તે તેજસ શરીર અને બીજું તે કાર્મણ શરીર. તેજસ શરીર સૂક્ષ્મ છે અને કાર્મણ શરીર એનાથી પણ વધુ સૂક્ષ્મ છે. જેમ બાહ્ય શરીરના પુદ્ગલ પરમાણુઓ છે, તેમ આ બંને સૂક્ષ્મ અને સૂક્ષ્મતર શરીરના પણ પુદ્ગલ પરમાણુઓ છે. આપણાં સ્થૂલ બાહ્ય શરીર, સૂક્ષ્મ શરીર અને સૂક્ષ્મતર શરીર એ ત્રણે સાથે કામ કરે છે. આપણો ચેતનાવ્યાપાર આ ત્રણે શરીર સાથે સંકળાયેલો છે. જેમ આપણા સ્થૂળ બાહ્ય શરીરના વ્યાપારોનું કેન્દ્રસ્થાન મગજ એટલે કે ચિત્ત છે, તેમ આપણા સૂક્ષ્મ અને સૂક્ષ્મતર શરીરના વ્યાપારોનું કેન્દ્રસ્થાન પણ ચિત્ત જ છે. ચિત્તનો આત્મા સાથે સંબંધ છે.

આપણા સૂક્ષ્મ તેજસ શરીર સાથે ચેતનાના જે વ્યાપારો ચાલે છે તે લેશ્યા છે અને આપણા કાર્મણ શરીર સાથે કે તે દ્વારા ચાલતા વ્યાપારો તે અધ્યવસાયો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. અધ્યવસાયો અનુસાર લેશ્યા હોય છે. અધ્યવસાય બદલાય તો લેશ્યા બદલાય.

ભારતીય સાંસ્કૃતિક પરંપરામાં લેશ્યા કે તેને મળતી વિચારણા થયેલી છે. મહાભારતના 'શાન્તિપર્વ'ની 'વૃત્રગીતા'માં કહ્યું છે :

**षड् जीववर्णाः परमं प्रमाणं कृष्णो धूम्रो नीलमथास्य मध्यम् ।**
**रक्तं पुनः सह्यतरं सुखं तु हारिद्रवर्णं सुसुखं च शुक्लम् ।।**

મહાભારતમાં વર્ણ (રંગ) અનુસાર જીવના છ વિભાગ પાડવામાં આવ્યા છે : આ છ વર્ણ છે – કૃષ્ણ, ધૂમ્ર, નીલ, રક્ત, હારિદ્ર તથા શુકલ. એમાં કૃષ્ણ વર્ણવાળા જીવ ઓછામાં ઓછું સુખ પામે છે. ધૂમ્ર વર્ણવાળા જીવો એનાથી કંઈક અધિક તથા નીલ વર્ણવાળા મધ્યમ સુખ પામે છે. રક્ત વર્ણવાળા સુખ-દુખ સહન કરવાને યોગ્ય હોય છે. હારિદ્ર (પીળા) વર્ણવાળા સુખી હોય છે અને શુકલ વર્ણવાળા પરમ સુખી હોય છે.

આ શ્લોકની ટીકામાં કહ્યું છે કે જ્યારે તમોગુણની અધિકતા, સત્ત્વગુણની ન્યૂનતા અને રજોગુણની સમ અવસ્થા હોય ત્યારે કૃષ્ણ વર્ણ હોય છે. આ રીતે એક ગુણની અધિકતા, બીજા ગુણની સમ અવસ્થા અને ત્રીજા ગુણની ન્યૂનતા હોય તો તે પ્રમાણે જીવના જુદા જુદા વર્ણ થાય છે. શુકલ વર્ણમાં તમોગુણની ન્યૂનતા, રજોગુણની સમ અવસ્થા અને સત્ત્વગુણની અધિકતા હોય છે.

'પાતંજલ યોગદર્શન'માં કહ્યું છે કે ચિત્તના કૃષ્ણ, અકૃષ્ણ-અશુકલ અને શુકલ એમ ત્રણ પ્રકાર છે.

ગોશાલકના આજીવક સંપ્રદાયમાં અને બૌદ્ધ ધર્મમાં લેશ્યાને માટે 'અભિજાતિ' શબ્દ પ્રયોજાયો છે. બૌદ્ધોના 'અંગુત્તરનિકાય' ગ્રંથમાં શિષ્ય આનંદ પૂરણકશ્યપનો સંદર્ભ આપીને ભગવાન બુદ્ધને કહે છે કે 'ભદન્ત ! પૂરણકશ્યપે કૃષ્ણ, નીલ, લોહિત, હારિદ્ર, શુકલ તથા પરમ શુકલ એવા વર્ણવાળી છ અભિજાતિઓ કહી છે; જેમ કે ખાટકી, પારધિ વગેરે માણસોની અભિજાતિ કૃષ્ણ વર્ણની કહી છે.'

જૈન ધર્મમાં શ્રી ભગવતીસૂત્રમાં કહ્યું છે તે પ્રમાણે શ્રી ગૌતમસ્વામીના પ્રશ્નનો ઉત્તર આપતાં ભગવાન મહાવીરસ્વામી કહે છે કે લેશ્યાઓ છ પ્રકારની છે :

**कइ णं भन्ते, लेस्साओ पन्नात्ताओ !**
**गोयमा ! छलेस्साओ पन्नात्ताओ, तं जहा –**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कण्ह लेस्सा, नीललेस्सा, काउलेस्सा,
तेउलेस्सा, पम्हलेस्सा, सुक्कलेस्सा ।

[ હે ભગવાન, લેશ્યાઓ કેટલા પ્રકારની છે ? હે ગૌતમ, લેશ્યાઓ છ પ્રકારની છે, તે આ પ્રમાણે : (૧) કૃષ્ણ લેશ્યા, (૨) નીલ લેશ્યા, (૩) કપોત લેશ્યા, (૪) તેજોલેશ્યા, (૫) પદ્મ લેશ્યા, (૬) શુકલ લેશ્યા. ]

શ્રી ભગવતીસૂત્ર ઉપરાંત શ્રી પ્રજ્ઞાપનાસૂત્ર, શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર વગેરેમાં આ છ લેશ્યાઓ વિશે બહુ વિગતે વિચારણા કરવામાં આવી છે.

લેશ્યાના મુખ્ય બે પ્રકાર છે : (૧) દ્રવ્ય લેશ્યા અને (૨) ભાવ લેશ્યા.

દ્રવ્ય લેશ્યા પુદ્‌ગલરૂપ છે. એટલે વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ એ પુદ્‌ગલના ગુણો દ્રવ્ય લેશ્યામાં પણ છે. 'પ્રજ્ઞાપના સૂત્ર'ના ૧૭મા પદમાં ભગવાન મહાવીર સ્વામીએ ગૌતમ સ્વામીને કહ્યું છે કે દ્રવ્ય લેશ્યા અસંખ્યાત્ પ્રદેશી છે અને તેની અનન્ત વર્ગણા છે.

ભાવલેશ્યા અવર્ણી, અગંધી, અરસી, અસ્પર્શી હોય છે. ભાવલેશ્યા અગુરુલઘુ છે. ભાવલેશ્યા પરસ્પરમાં પરિણમન કરે છે. ભાવલેશ્યા કર્મ બંધનમાં કોઈ પ્રકારે હેતુરૂપ છે. એટલે ભાવલેશ્યા સુગતિનો હેતુ બની શકે છે અને દુર્ગતિનો હેતુ પણ બની શકે છે. દ્રવ્યલેશ્યા ભાવલેશ્યા અનુસાર જ હોય છે. છએ લેશ્યાઓ સૂક્ષ્મ હોવાથી છદ્મસ્થને અગોચર હોય છે.

ઉત્તરાધ્યનસૂત્રમાં એના ચોત્રીસમા અધ્યયનમાં આ છ લેશ્યાનાં લક્ષણો આપ્યાં છે. એમાં કૃષ્ણ લેશ્યાનાં લક્ષણો નીચે પ્રમાણે આપ્યાં છે :

पंचासवप्पवत्तो तीहिं अगुत्तो छसुं अविरओ य ।
तिव्वारंभपरिणओ खुद्दो साहसिओ नरो ।।
निद्धन्धसपरिणामो निस्संसो अजिइंदिओ ।
एयजोगसमाउत्तो किण्हलेसं तु परिणमे ।।

[ જે મનુષ્ય પાંચ આશ્રવ (મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને અશુભ યોગ)માં પ્રવૃત્ત છે, ત્રણ ગુપ્તિમાં અગુપ્ત છે, છકાયની હિંસાથી નહીં વિરમેલો, તીવ્ર આરંભનાં પરિણામવાળો છે, ક્ષુદ્ર, વગર વિચારે કાર્ય કરનાર સાહસિક છે, ક્રૂર પરિણામવાળો, નૃશંસ (કુટિલ ભાવવાળો) અને અજિતેન્દ્રિય છે – આ બધાથી જોડાયેલો તે જીવ કૃષ્ણ લેશ્યાનાં પરિણામવાળો છે. ]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નીલ લેશ્યાનાં લક્ષણો નીચે પ્રમાણે છે :

इस्सा अमरिसअतवो अविज्जमाया अहीरिया य ।
गेही पओसे य सढे पमत्ते रसलोलुए साय गवेसए य ।।
आरंभाओ अविरओ खुद्दो साहसिओ नरो ।
एयजोगसमाउत्तो नीललेसं तु परिणमे ।।

[ જે મનુષ્ય ઇર્ષ્યાળુ, કદાગ્રહી, અતપસ્વી, અજ્ઞાની, માયાવી, નિર્લજ્જ, કૃદ્ધ, દ્વેષી, શઠ, પ્રમત્ત, રસલોલુપ, સુખ શોધનાર (સ્વાર્થી), આરંભ કરવામાં ન અટકનાર, ક્ષુદ્ર, સાહસિક તથા આ બધામાં જોડાયેલો છે તે નીલલેશ્યામાં પરિણત થાય છે. ]

કપોતલેશ્યાનાં લક્ષણો નીચે પ્રમાણે છે :

वंके वंकसमायारे नियडिल्ले अणुज्जुए ।
पलि चंग ओवहिए मिच्छदिट्ठी अणारिए ।।
उप्फालगदुट्ठवाई य, तेने यावि य मच्छरी ।
एयजोगसमाउत्तो काउलेसं तु परिणमे ।।

[ જે મનુષ્ય વાણી અને આચરણમાં વક્ર છે, કપટી છે, અસરળ, દોષોને છુપાવનાર, અભિમાની, પરિગ્રહી, મિથ્યાદૃષ્ટિ, અનાર્ય, દુષ્ટ વચન બોલનાર, ચોર, મત્સરી છે – આ બધાંથી જે યુક્ત હોય છે તે કપોત લેશ્યામાં પરિણત થાય છે. ]

તેજોલેશ્યાનાં લક્ષણો નીચે પ્રમાણે છે :

नीयावित्ती अचवले अमाई अकुउहल ।
विणीयविणए दन्ते जोगवं उवहाण वं ।।
पियधम्मे दढधम्मे वज्जभीरु हिएसए ।
एयजोगसमाउत्तो तेऊलेसं तु परिणमे ।।

[ જે મનુષ્ય નમ્રતાથી વર્તનાર, અચંચલ, માયારહિત, અકૂતુહલી, વિનયમાં નિપુણ, દાન્ત, યોગી, ઉપધાન કરવાવાળો, ધર્મપ્રેમી, ધર્મમાં દૃઢ, પાપભીરુ, હિત ઇચ્છનાર – એ બધાંથી યુક્ત હોય તે તેજોલેશ્યામાં પરિણત થયેલો છે. ]

पयणुक्कोहमाणे य मायालोभे य पयणुए ।
पसंतचित्ते दंतप्पा जोगवं उवहाणवं ।।
तहा पयणुवाई य उवसंते जिइंदिए ।
एयजोगसमाउत्तो पम्हलेसं तु परिणमे ।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[ જે મનુષ્યનાં ક્રોધ, માન, માયા અને લોભ અત્યંત અલ્પ હોય, ચિત્ત પ્રશાંત હોય, પોતાના આત્માનું દમન કરતો હોય, યોગી અને ઉપધાન (તપશ્ચર્યા) કરવાવાળો હોય, અલ્પભાષી, ઉપશાન્ત, જિતેન્દ્રિય હોય-આ બધાંથી જે યુક્ત હોય તેનામાં પદ્મલેશ્યા પરિણત થયેલી હોય છે. ]

શુકલલેશ્યાનાં લક્ષણો નીચે પ્રમાણે છે :

**अट्टरुद्दाणि वज्जित्ता धम्मसुक्काणि साहए ।**
**पसंतचित्ते दंतप्पा समिए गुत्ते य गुत्तिसु ।।**
**सरागो वीयरागो वा उवसंते जिइंदिए ।**
**एयजोगसमाउत्तो सुक्कलेसं तु परिणमे ।।**

[ જે મનુષ્ય આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાન છોડીને ધર્મધ્યાન અને શુકલધ્યાન ધરે છે, પ્રશાન્ત ચિત્તવાળો છે, પોતાના આત્માનું દમન કરવાવાળો છે, સમિતિ અને ગુપ્તિથી ગુપ્ત છે, ઉપશાન્ત અને જિતેન્દ્રિય છે, સરાગ (અલ્પરાગી) કે વીતરાગ હોય છે તે શુકલ લેશ્યામાં પરિણત હોય છે. ]

દ્રવ્યલેશ્યા પુદ્ગલ પરમાણુઓની હોય છે અને પુદ્ગલ પરમાણુમાં વર્ણ, રસ, ગંધ અને સ્પર્શ હોય છે. એટલે છએ દ્રવ્યલેશ્યાનાં વર્ણ, રસ, ગંધ અને સ્પર્શ કેવા પ્રકારનાં હોય છે એ ભગવાને ભગવતીસૂત્ર, ઉત્તરાધ્યયન, પ્રજ્ઞાપનાસૂત્ર વગેરેમાં કહ્યાં છે.

લેશ્યાઓનાં વર્ણ, રસ વગેરે કેટલાં હોય છે તે વિશે ભગવાને ભગવતીસૂત્રમાં કહ્યું છે :

गोयमा ! दव्वलेसं पडुच्च-पंचवण्णा, पंचरसा, दु गंधा, अट्ठ फासा पण्णत्ता ।

भावलेसं पडुच्च-अवण्णा, अरसा, अगंधा, अफासा पण्णत्ता ।

[ હે ગૌતમ ! દ્રવ્ય લેશ્યાની અપેક્ષાએ એમાં પાંચ વર્ણ, પાંચ રસ, બે ગંધ અને આઠ સ્પર્શ કહ્યા છે.

ભાવલેશ્યાની અપેક્ષાએ તે વર્ણરહિત, રસરહિત, ગંધરહિત અને સ્પર્શરહિત છે. ]

દ્રવ્ય લેશ્યાઓ છ છે, પરંતુ એના વર્ણ (રંગ) પાંચ બતાવવામાં આવ્યા છે, કારણ કે કપોત (કબૂતરના રંગ જેવી) લેશ્યાનો જુદો વર્ણ નથી, પણ તે કાળો અને લાલ એ બે વર્ણના મિશ્રણવાળો વર્ણ છે. આ છ દ્રવ્યલેશ્યાના વર્ણ (રંગ) સમજાવવા માટે નીચે પ્રમાણે ઉદાહરણ આપ્યાં છે :

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કૃષ્ણ લેશ્યા કાળાં વાદળ, અંજન, પાડાનાં શિંગડાં, અરીઠાં, ગાડાની મળી, આંખની કીકી, ભમરો, કાળી કેસર, કોયલ, કાળી કનેર વગેરેના કાળા વર્ણ કરતાં પણ વધારે કાળી હોય છે.

નીલ લેશ્યા અશોકવૃક્ષ, ચાસ પક્ષીની પાંખ, વૈડૂર્ય નીલમણિ, પોપટની પાંખ, કબૂતરની ડોક વગેરેના નીલ રંગ કરતાં વધુ નીલ વર્ણવાળી હોય છે.

કપોત લેશ્યા કબૂતરની ડોક, કોયલની પાંખ, અળશીનાં ફૂલ વગેરેના વર્ણ જેવી, કાલલોહિત વર્ણવાળી હોય છે.

તેજોલેશ્યા લોહી, બાલસૂર્ય, ઇન્દ્રગોપ, હિંગળો, પોપટની ચાંચ, દીપશિખા, લાખ વગેરેના વર્ણ જેવી હોય છે.

પદ્મલેશ્યા ચંપાનું ફૂલ, હળદર, હડતાલ, સુવર્ણ, વાસુદેવનું વસ્ત્ર વગેરેના વર્ણ જેવી હોય છે.

શુકલલેશ્યા શંખ, મચકુંદનાં ફૂલ, દૂધની ધાર, રૂપાનો હાર, શરદ ઋતુની વાદળી, ચંદ્ર વગેરેના વર્ણ જેવી હોય છે.

આમાં કૃષ્ણ, નીલ અને કપોત એ ત્રણ અશુભ લેશ્યાનો વર્ણ અપ્રીતિકર, અમનોજ્ઞ હોય છે. ત્રણ શુભ લેશ્યાનો વર્ણ પ્રીતિકર અને મનોજ્ઞ હોય છે.

માણસના કે અન્ય જીવના શરીરની ચામડીના જે રંગો છે તે દ્રવ્ય લેશ્યાને કારણે છે એમ ન સમજવું. એ રંગો નામકર્મ પ્રમાણે હોય છે અને તે સ્થૂલ દૃષ્ટિથી નિહાળી શકાય છે. દ્રવ્ય લેશ્યાના પરમાણુ સૂક્ષ્મ હોય છે. આથી જ કોઈક ગોરો માણસ ઘાતકી હોઈ શકે છે અને એની કૃષ્ણ લેશ્યા સંભવી શકે છે. તેવી જ રીતે કોઈ માણસ તદ્દન શ્યામ હોય અને છતાં એ પવિત્ર, જ્ઞાની, શુભ લેશ્યાવાળો હોઈ શકે છે. આપણા તીર્થંકરો રાતા વર્ણના, નીલ વર્ણના, કંચન વર્ણના હતા. એટલે દેહવર્ણ અને લેશ્યાવર્ણ એ બે જુદા છે. દ્રવ્ય લેશ્યાના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ એ ચાર લક્ષણમાંથી વર્ણ મનુષ્યના મનને અને શરીરને વધુ પ્રભાવિત કરે છે. એટલે લેશ્યાવર્ણનો પ્રભાવ દેહવર્ણ પર પડે છે.

તીવ્ર અશુભ લેશ્યાવાળા માણસોની પાસે બેસતાં વાતાવરણ બહુ તંગ લાગે છે. ક્યારેક કોઈ ક્રોધી માણસના ક્રોધની એવી અસર થાય છે કે શાન્ત સ્વભાવનો સામો માણસ પણ ઉશ્કેરાઈને ક્રોધ કરવા લાગે છે. બીજી બાજુ તીર્થંકર પરમાત્માની, કેવલી ભગવંતોની અને કેટલાક પવિત્ર મહાત્માઓની શુકલ લેશ્યા એવી પ્રબળ હોય છે કે એમની સાથે તકરાર કરવાના આશયથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવેલા માણસો કે પરસ્પર વેરવિરોધવાળા જીવો એમને જોતાં જ શાન્ત થઈ જાય છે. મહાત્મા ગાંધીજીના જીવનમાં પણ આવા કેટલાયે પ્રસંગો બન્યા હતા. કેટલાક યોગી મહાત્માઓ જંગલમાં હોય તો હિંસક પ્રાણીઓ એમની પાસે આવીને શાન્ત બનીને બેસી જતાં હોય છે. આ બધો લેશ્યાનો જ પ્રભાવ છે.

કૃષ્ણ, નીલ અને કપોત એ ત્રણ લેશ્યાની ગંધ મરેલી ગાય, મરેલું, કૂતરું, મરેલો સર્પ વગેરેની ગંધ કરતાં પણ વધુ દુર્ગંધમય હોય છે.

તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુકલલેશ્યા એ ત્રણ લેશ્યાની ગંધ સુગંધી પુષ્પ, ઘસેલાં સુગંધી દ્રવ્યો વગેરેની સુગંધ જેવી હોય છે.

કૃષ્ણ લેશ્યાનો રસ (સ્વાદ) કડવું તુંબડું, કડવો લીંબડો, કુટજ, કૃષ્ણકંદ વગેરેના સ્વાદ કરતાં પણ વધુ કડવો હોય છે. નીલ લેશ્યાનો રસ સૂંઠ, મરી, પીપર, મરચું, ચિત્રમૂલ વગેરેના સ્વાદ કરતાં પણ વધુ તીખો હોય છે. કપોતલેશ્યાનો રસ કાચી કેરી, કાચું કોઠું, કાચું દાડમ, બીજોરું, બીલું, ફણસ વગેરેના સ્વાદ કરતાં પણ વધુ તુરો હોય છે. આ ત્રણે લેશ્યાનો રસ અપ્રીતિકર, અમનોજ્ઞ હોય છે. તેજોલેશ્યાનો રસ પાકી કેરી, પાકું કોઠું, પાકું દાડમ વગેરેના સ્વાદ જેવો ખટમીઠો હોય છે. પદ્મ લેશ્યાનો રસ ચન્દ્રપ્રભા, ઉત્તમ વારુણી, મધ, ખજૂરાસવ, દ્રાક્ષાસવ વગેરેના સ્વાદ જેવો મધુર હોય છે. શુકલ લેશ્યાનો રસ ગોળ, સાકર, ખજૂર, દ્રાક્ષ, ખીર, લાડુ વગેરેના સ્વાદ જેવો મીઠો હોય છે.

કૃષ્ણ, નીલ અને કપોત એ ત્રણે લેશ્યાનો સ્પર્શ કરવત, ગાયની જીભ, સાગવૃક્ષનાં પાંદડાં વગેરેના જેવો કર્કશ હોય છે. તેજો, પદ્મ, અને શુકલ એ ત્રણ લેશ્યાનો સ્પર્શ માખણ, શિરીષનાં ફૂલ વગેરેના કોમળ સ્પર્શ કરતાં વધારે કોમળ હોય છે.

દ્રવ્ય લેશ્યાના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ અત્યંત સૂક્ષ્મ છે, નજરે ન જોઈ શકાય એવાં છે. એ વિશે જે અહીં કહ્યું છે તે એ પુદ્ગલ પરમાણુઓમાં કેટલી ક્ષમતા રહેલી છે તે બતાવવા માટે છે. એવા પરમાણુઓ બહાર જો સ્કંધરૂપ હોય તો આવો અનુભવ અવશ્ય થાય.

શુભ અને અશુભ લેશ્યાનાં સ્થાન ક્યાં ક્યાં અને ક્યારે ક્યારે હોય છે એ માટે ભગવાને કહ્યું છે કે અસંખ્ય અવસર્પિણી અને અસંખ્ય ઉત્સર્પિણીના જેટલા 'સમય' અને ચૌદ રાજલોકના જેટલા આકાશપ્રદેશો હોય તેટલાં શુભાશુભ લેશ્યાનાં સ્થાન જાણવાં. મતલબ કે સર્વ કાળે અને સર્વ ક્ષેત્રે શુભ અને અશુભ લેશ્યા હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કૃષ્ણ, નીલ, કપોત, તેજો, પદ્મ અને શુકલ એ છએ લેશ્યાની જઘન્ય સ્થિતિ અંતમુહૂર્ત છે. દરેકની ઉત્કૃષ્ટ સ્થિતિ જુદી જુદી હોય છે, જેમ કે કૃષ્ણ લેશ્યાની સ્થિતિ તેત્રીસ સાગરોપમની ઉપર એક અંતમુહૂર્ત અધિક જાણવી. તે જ પ્રમાણે શુકલ લેશ્યાની સ્થિતિ છે. નીલ, કપોત, તેજો અને પદ્મ લેશ્યાની ઉત્કૃષ્ટ સ્થિતિ જુદી જુદી છે.

તિર્યંચ ગતિના જીવોમાં પોતપોતાની સ્થિતિ અનુસાર ત્રણ, ચાર કે છ લેશ્યા હોય છે. જેમ કે કેટલાક એકેન્દ્રિય જીવોમાં કૃષ્ણ, નીલ, કપોત એમ ત્રણ લેશ્યાઓ હોય છે, અને કેટલાક જીવોમાં તેજોલેશ્યા સહિત એમ ચાર લેશ્યાઓ હોય છે. બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય અને ચાર ઇન્દ્રિયવાળા જીવોમાં ત્રણ લેશ્યા હોય છે. તિર્યંચ પંચેન્દ્રિય જીવોમાં કેટલાકમાં ત્રણ અશુભ લેશ્યાઓ હોય છે અને કેટલાકમાં ત્રણ અશુભ અને ત્રણ શુભ લેશ્યાઓ હોય છે.

મનુષ્ય ગતિના જીવોમાં ત્રણ અશુભ અને ત્રણ શુભ એમ છ લેશ્યાઓ હોય છે. મનુષ્યગતિના જીવો ચૌદમે ગુણસ્થાનકે અલેશી હોય છે. અકર્મ-ભૂમિના મનુષ્યોમાં ચાર લેશ્યા હોય છે અને સંમૂર્ચ્છિમ મનુષ્ય જીવોમાં ત્રણ લેશ્યા હોય છે.

જીવ આત્મિક વિકાસ કરતો કરતો ઉપર ચડે છે. જૈન દર્શનમાં આત્મિક વિકાસનાં આવાં ચૌદ પગથિયાં-ચૌદ ગુણસ્થાન બતાવવામાં આવ્યાં છે. નીચેથી ઉપરના ગુણસ્થાને આરોહણ કરતા જીવોમાં કયે કયે ગુણસ્થાને કઈ કઈ લેશ્યાઓ હોય છે તે ભગવતીસૂત્રમાં બતાવ્યું છે.

આમાં પહેલાથી છઠ્ઠા ગુણસ્થાન સુધી જીવમાં છએ લેશ્યાઓ-કૃષ્ણ, નીલ, કપોત, પીત, પદ્મ અને શુકલ એ છ લેશ્યાઓ હોય છે. સાતમે ગુણસ્થાને ત્રણ શુભ લેશ્યાઓ-પીત, પદ્મ અને શુકલ એ લેશ્યાઓ હોય છે. આઠમાથી બારમા ગુણસ્થાન સુધી જીવને એક માત્ર શુકલ લેશ્યા હોય છે. તેરમે ગુણસ્થાને જીવને પરમ શુકલ લેશ્યા હોય છે આમ, પહેલાથી તેરમા ગુણસ્થાન સુધી શુકલલેશ્યા અવશ્ય હોય છે. ચૌદમે ગુણસ્થાને જીવ અલેશી એટલે કે લેશ્યારહિત હોય છે.

નારકીના જીવોમાં લેશ્યા નીચે પ્રમાણે હોય છે :

**एवं सत्तवि पुढवीओ नेयव्वाओ णावत्तं लेसासु ।**
**काऊ य दोसु तहवाए मीसिया नीलिया चउत्थीए ।**
**पंचमियाए मीसा कण्हा तत्तो परम कण्हा ।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પહેલી રત્નપ્રભા નારકીમાં તથા બીજી શર્કરાપ્રભા નારકીમાં એક કપોત લેશ્યા હોય છે. ત્રીજા વાલુકાપ્રભા નારકીના જીવોમાં કપોત અને નીલ લેશ્યા હોય છે. ચોથી પંકપ્રભા નારકીના જીવોમાં એક નીલ લેશ્યા હોય છે. પાંચમી ધૂમપ્રભા નારકીમાં નીલ અને કૃષ્ણ લેશ્યા હોય છે. છઠ્ઠી તમપ્રભા નારકીમાં એક કૃષ્ણ લેશ્યા હોય છે અને સાતમી તમતમા પ્રભા નારકીમાં પરમ કૃષ્ણ લેશ્યા હોય છે.

આમ, નારકીના જીવોમાં ફક્ત ત્રણ લેશ્યા હોય છે અને પહેલી સાતમી નારકી સુધી અનુક્રમે અશુભ, અશુભતર, અશુભતમ લેશ્યા હોય છે.

દેવગતિના જીવોમાં પોતપોતાની સ્થિતિ અનુસાર લેશ્યાઓ હોય છે, જેમ કે ભુવનપતિના અને વાણવ્યંતર દેવ-દેવીમાં ચાર લેશ્યાઓ હોય છે. જ્યોતિષી દેવ-દેવીમાં એક તેજોલેશ્યા હોય છે. વૈમાનિક દેવ-દેવીમાં ત્રણ શુભ લેશ્યાઓ- તેજો, પદ્મ અને શુકલ લેશ્યા હોય છે. અનુત્તરૌપપાતિક દેવોને પરમ શુકલલેશ્યા હોય છે. ચારે ગતિના જીવોની લેશ્યાઓનો અહીં માત્ર સંક્ષેપમાં નિર્દેશ કરવામાં આવ્યો છે. આગમોમાં તે વિશે બહુ વિસ્તારથી વિચારણા કરવામાં આવી છે.

લેશ્યાઓના આ બે મુખ્ય વિભાગને બીજી રીતે પણ ઓળખાવવામાં આવે છે, જેમ કે પહેલી ત્રણ લેશ્યાઓ દુર્ગંધવાળી છે અને પછી ત્રણ લેશ્યાઓ સુગંધવાળી છે. પહેલી ત્રણ લેશ્યાઓ રસની અપેક્ષાએ અમનોજ્ઞ છે અને પછીની ત્રણ લેશ્યાઓ મનોજ્ઞ છે; પહેલી ત્રણ લેશ્યાઓ સ્પર્શની અપેક્ષાઓ શીતરુક્ષ છે અને પછીની ત્રણ લેશ્યાઓ ઉષ્ણ-સ્નિગ્ધ છે. પહેલી ત્રણ લેશ્યાઓ અધર્મ લેશ્યા છે; પહેલી ત્રણ લેશ્યાઓ દુર્ગતિમાં લઈ જનારી છે અને પછીની ત્રણ લેશ્યાઓ સુગતિમાં લઈ જનારી છે; પહેલી ત્રણ લેશ્યાઓ અશુદ્ધ છે અને પછીની ત્રણ લેશ્યાઓ વિશુદ્ધ છે; પહેલી ત્રણ લેશ્યાઓ પ્રશસ્ત છે. આ જ પ્રમાણે ભાવલેશ્યાનાં લક્ષણો બતાવવામાં આવે છે.

છ લેશ્યા વચ્ચેનો ફરક સમજાવવા માટે પ્રાચીન સમયથી જાંબુનું વૃક્ષ અને છ મિત્રોનું દૃષ્ટાન્ત આપવામાં આવે છે. આવશ્યકસૂત્રની ટીકામાં શ્રી હરિભદ્રસૂરિએ આ દૃષ્ટાન્ત આપ્યું છે. (આ દૃષ્ટાન્તનું ચિત્ર કેટલીક પ્રાચીન હસ્તપ્રતોમાં જોવા મળે છે. કેટલાંક મંદિરોમાં આનો પટ કોતરાવેલો હોય છે.)

છ મિત્રો એક ઉપવનમાં ફરવા ગયા હતા. તેઓ બહુ ભૂખ્યા થયા હતા. ત્યાં તેઓએ એક જાંબુનું વૃક્ષ જોયું કે જેના ઉપર ઘણાં બધાં જાંબુ લટકતાં હતાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જાંબુના ભારથી કેટલીક ડાળીઓ લચી પડી હતી. સરસ મઝાનાં જાંબુ જોતાં તે ખાવાની દરેકના મનમાં ઇચ્છા જાગૃત થઈ. તે કેવી રીતે મેળવીને ખાવાં તે વિશે પોતપોતાના મનની લેશ્યા અનુસાર દરેકના મનમાં જુદો જુદો વિચાર ઉત્પન્ન થયો.

એક મિત્રે કહ્યું કે આપણને ભૂખ લાગી છે અને જાંબુ ખાવાનું મન થયું છે, પરંતુ વૃક્ષ ઉપર ચડવામાં કષ્ટ ઘણું છે. વળી જો ઉપરથી પડ્યા તો જાનનું જોખમ છે. એના કરતાં સારો રસ્તો એ છે કે આપણે આખા વૃક્ષને જ નીચેથી કાપીને પાડી નાખીએ તો આરામથી જાંબુ ખાઈ શકીએ. આપણી પાસે વૃક્ષને કાપવા માટે કરવત, કુહાડી વગેરે છે.

બીજા મિત્રે કહ્યું કે, આખા વૃક્ષને કાપી નાખવાની શી જરૂર છે ? આપણે મોટી મોટી ડાળીઓ કાપી નાખીએ જેથી વૃક્ષ બચી જાય અને આપણને જાંબુ મળે.

ત્રીજા મિત્રે કહ્યું, 'મોટી મોટી ડાળ કાપવાની શી જરૂર છે ? જે નાની નાની શાખાઓ છે તે જ તોડી લઈએ.'

ચોથા મિત્રે કહ્યું, 'નાની શાખાઓ તોડવાની પણ જરૂર નથી. ફક્ત જાંબુફળવાળા જે ગુચ્છા (ઝૂમખાં) છે તે તોડી લઈએ.'

પાંચમા મિત્રે કહ્યું કે, 'આખા ગુચ્છા તોડવાની પણ જરૂર નથી. એમાંથી સારાં સારાં પાકાં જાંબુ હોય તે ઝૂમખાં હલાવીને જાંબુ પાડી લઈએ તો કેમ ?'

છઠ્ઠા મિત્રે કહ્યું, 'મિત્રો, એમ કરવાની પણ જરૂર નથી. અહીં વૃક્ષ નીચે તો જુઓ ! કેટલાં બધાં સરસ પાકાં જાંબુ પડેલાં છે. આપણે એ જ વીણી લઈએ. ઝાડ પર ચડવાનો શ્રમ લેવાની અને ઝાડને નુકસાન પહોંચાડવાની કંઈ જરૂર નથી.'

આ દૃષ્ટાન્તમાં એક જ હેતુ માટે છએ મિત્રોને જુદા જુદા ભાવ થાય છે. એમાં ઉગ્રતમ ભાવથી કોમલતમ ભાવ સુધીના ભાવો જોઈ શકાય છે. આખું વૃક્ષ કાપવાની વાત કરનારની કૃષ્ણ લેશ્યા છે અને નીચે પડેલાં જાંબુ વીણી લેવાની વાત કરનારી શુકલ લેશ્યા છે. બીજા, ત્રીજા વગેરે મિત્રની અનુક્રમે નીલ, કપોત, પીત અને પદ્મ લેશ્યા છે.

છ લેશ્યાઓને સમજાવવા માટે 'આવશ્યકસૂત્ર'ની ટીકામાં બીજું એક દૃષ્ટાન્ત આપવામાં આવ્યું છે. એ છે ગ્રામઘાતકનું. એક વખત છ ડાકુઓ એક ગામ લૂંટવા માટે શસ્ત્રો લઈને નીકળ્યા. છએની લેશ્યા જુદી જુદી હતી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દરેકના મનમાં જુદા જુદા વિચાર ચાલતા હતા. રસ્તામાં એક ડાકુએ કહ્યું, 'આપણે ગામ લૂંટવા જઈએ છીએ ત્યારે ત્યાં કોઈ પણ માણસ કે પશુ વચ્ચે આવે તે બધાંની આપણે શસ્ત્રોથી હત્યા કરી નાખવી જોઈએ, જેથી લૂંટનું કામ સરળ બને. બીજાએ કહ્યું કે પશુઓને મારવાની શી જરૂર ? આપણે ફક્ત મનુષ્યોને મારી નાખવા જોઈએ. ત્રીજાએ કહ્યું કે, બધા મનુષ્યોમાંથી સ્ત્રીઓ અને બાળકોને મારવાની જરૂર નથી. ફક્ત પુરુષોને મારી નાખવા જોઈએ. ચોથા ડાકુએ કહ્યું, 'બધા પુરુષોને મારવાની જરૂર નથી, જે સશક્ત અને સશસ્ત્ર પુરુષો હોય એટલાને જ મારી નાખીએ.' પાંચમા ડાકુએ કહ્યું, 'બધા સશસ્ત્ર પુરષોની હત્યા કરવાની જરૂર નથી. જેઓ આપણને જોઈ ભાગી જાય તેઓને મારવાની જરૂર નથી. છઠ્ઠા ડાકુએ કહ્યું. 'આપણું કામ ધન લૂંટવાનું છે. જો ધન લૂંટવા મળતું હોય અને કોઈ સામનો ન કરે તો કોઈની પણ હત્યા કરવાની શી જરૂર છે ?

આ દૃષ્ટાન્તમાં બધાંને મારી નાખવાનો વિચાર કરનાર પ્રથમ ડાકુની લેશ્યા કૃષ્ણ છે. અને કોઈની પણ હત્યા કરવાની જરૂર નથી એમ કહેનાર ડાકુની લેશ્યા શુકલ છે. અલબત્ત, આ દૃષ્ટાન્ત જુદી જુદી લેશ્યા વચ્ચેનો ફરક સમજાવવા માટે જ છે. એક જ ક્રિયા કરવાની હોય પરંતુ તે માટે ભિન્ન ભિન્ન વ્યક્તિના અધ્યવસાયો ભિન્ન ભિન્ન હોઈ શકે છે. અહીં કોઈને એમ પ્રશ્ન થાય કે જેની લેશ્યા શુકલ હોય તે લૂંટવા જાય જ કેમ ? અથવા જે લૂંટવા જાય તેની લેશ્યા શુકલ કેવી રીતે હોઈ શકે ? પરંતુ અહીં દૃષ્ટાન્ત સાપેક્ષ દૃષ્ટિથી સમજવાનું છે.

તેજોલેશ્યાનો એક બીજો પ્રકાર પણ છે. છ લેશ્યામાંની તેજોલેશ્યા કરતાં એ જુદો છે.

ભગવાન મહાવીર અને ગોશાલકના સંબંધમાં બનેલી તેજોલેશ્યાની ઘટના સુપ્રસિદ્ધ છે. છ પ્રકારની લેશ્યામાં આવતી તેજોલેશ્યા કરતાં આ તેજોલેશ્યા ભિન્ન પ્રકારની છે. આ તેજોલેશ્યા તપોલબ્ધિથી પ્રાપ્ત થાય છે અને તે પૌદ્ગલિક પ્રકારની છે. ઠાણાંગસૂત્રમાં બતાવ્યું છે તે પ્રમાણે ત્રણ રીતે આ પૌદ્ગલિક તેજોલેશ્યા પ્રાપ્ત થાય છે.

**तिहिं ठाणेहिं सम्मणे निग्गंथे संखित्तविउलतेउलेस्से भवइ,**
**तं जहा-आयावणयाए, खंतिखमाए, अपाणगेणं तवो कम्मेणं ।**

[ ત્રણ સ્થાનથી (પ્રકારથી, રીતથી) શ્રમણ નિર્ગ્રન્થને સંક્ષિપ્ત-વિપુલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એવી તેજોલેશ્યાની પ્રાપ્તિ થાય છે : જેમ કે (૧) આતાપનથી (ઠંડી – ગરમી સહન કરવાથી), (૨) ક્ષાંતિક્ષમાથી (ક્રોધાદિ કષાયો ઉપર વિજય મેળવી સતત ક્ષમાભાવ ધારણ કરવાથી) અને (૩) અપાનકેન નામની તપશ્ચર્યા (છટ્ઠને પારણે છટ્ઠ) કરવાથી. ]

વિશિષ્ટ પ્રકારની ઉગ્ર તપશ્ચર્યાથી તેજોલેશ્યા પ્રાપ્ત થઈ શકે છે. ઉષ્ણ તેજોલેશ્યાની પ્રાપ્તિના ઉપાય તરીકે કેવી તપશ્ચર્યા કરવી પડે તે વિશે ભગવતીજી સૂત્રમાં કહ્યું છે :

જે વ્યક્તિ છ મહિના સુધી છટ્ઠ (સળંગ બે ઉપવાસ)ના પારણે છટ્ઠ કરે એટલે કે છટ્ઠ પૂરો થતાં એના પારણામાં માત્ર એક મૂઠી બાફેલા અડદ ખાવામાં આવે અને એક ચોગલું (નાનો પ્યાલો) ઉષ્ણ પાણી પીવામાં આવે અને ફરી છટ્ઠ કરવામાં આવે ને આ રીતે સળંગ છ મહિના તપશ્ચર્યા કરવામાં આવે અને તેટલો કાળ રોજ અમુક સમય સુધી સૂર્યની સામે જોઈ એની ઉષ્ણતા-આતાપના લેવામાં આવે તો એ તપસ્વીને ઉષ્ણ તેજોલેશ્યા પ્રાપ્ત થાય છે. આવી તેજોલેશ્યા ધરાવનાર વ્યક્તિ તે તેજોલેશ્યા ફેંકીને બીજાને બાળીને ભસ્મીભૂત કરી શકે છે અથવા અમુક નગરોને પણ બાળી નાખી શકે છે.

તપોલબ્ધિથી મેળવેલી તેજોલેશ્યા કેટલી બધી બળવાન હોઈ શકે છે અને અંગે ગોશાલકે ભગવાન મહાવીર સ્વામી પર ફેંકેલી તેજોલેશ્યાનું ઉદાહરણ ભગવતીસૂત્રમાં આપેલું છે. એમાં કહ્યું છે :

ભગવાન શ્રી મહાવીરે શ્રમણ નિર્ગ્રન્થોને બોલાવીને કહ્યું, 'હે આર્યો ! મંખલિપત્ર ગોશાલકે મારો વધ કરવાને માટે પોતાના શરીરમાંથી જે ઉષ્ણ તેજોલેશ્યા કાઢી હતી તે અંગ, બંગ વગેરે સોળ દેશોનો ઘાત કરવામાં – એને ભસ્મીભૂત કરવામાં સમર્થ હતી.' આના ઉપરથી આવી તેજોલેશ્યા કેટલી શક્તિશાળી હોઈ શકે તેનો ખ્યાલ આવશે. (વર્તમાન સમયનો એટમબોમ્બ એની આગળ કંઈ વિસાતમાં નથી.)

જ્યારે ગોશાલકે ભગવાન મહાવીર સ્વામી ઉપર ઉષ્ણ તેજોલેશ્યા ફેંકી ત્યારે ભગવાને એની સામે શીતલેશ્યા ફેંકી કે જેથી ગોશાલકની તેજોલેશ્યા ભગવાનનો વધ ન કરી શકી, પણ તે ભગવાનની આસપાસ પ્રદક્ષિણા ફરીને પાછી ગોશાલક પર જ પડી હતી.

તપોલબ્ધિથી પ્રાપ્ત થતી તેજોલેશ્યા એ જીવના તેજસ્ શરીરમાંથી પ્રસરતી એક પ્રકારની ઊર્જા છે, પૌદ્ગલિ શક્તિ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રમણ કાલોદયીને ભગવાન શ્રી મહાવીર સ્વામીને પૂછ્યું, 'હે ભગવાન ! જેમ સચિત્ત અગ્નિકાય પ્રકાશે છે, તેમ અચિત્ત અગ્નિકાયનાં પુદ્દગલ પ્રકાશે છે ?'

ભગવાને કહ્યું, 'હા ! કાલોદયીન ! અચિત્ત પુદ્દગલ પણ પ્રકાશ કરે છે. હે કાલોદયીન ! ક્રોધી અણગારમાંથી તેજોલેશ્યા નીકળીને દૂર જવાથી દૂર પડે છે અને પાસે જવાથી પાસે પડે છે. જ્યાં તે તેજોલેશ્યા પડે છે ત્યાં અચિત્ત પુદ્દગલ પ્રકાશ કરે છે.'

ઉષ્ણ તેજોલેશ્યાથી અન્ય વ્યક્તિ કે ગ્રામનગરને બાળવાની શક્તિનો પ્રતિકાર કરી એને શાન્ત કરવાની, પાછી વાળવાની શક્તિ શીત તેજોલેશ્યામાં હોય છે. તાપસ વેશ્યાયને ગોશાલક ઉપર તેજોલેશ્યા ફેંકી ત્યારે ભગવાન મહાવીરે ગોશાલકને પોતાની શીતલેશ્યાથી બચાવી લીધો હતો. ભગવતીસૂત્રમાં ભગવાન મહાવીરસ્વામી ગૌતમસ્વામીને કહે છે, 'હે ગૌતમ ! મંખલીપત્ર ગોશાલક પર અનુકંપા લાવીને મેં તાપસ વેશ્યાયને ફેંકેલી તેજોલેશ્યાનો પ્રતિસંહાર કરવા માટે શીત તેજોલેશ્યા બહાર કાઢીને એ ઉષ્ણ તેજોલેશ્યાનો પ્રતિઘાત કર્યો હતો.' એ જાણીને અને ગોશાલકને કંઈ પણ ઇજા ન થયેલી જોઈને વેશ્યાયને પોતાની ઉષ્ણ તેજોલેશ્યા પાછી ખેંચી લીધી હતી.

કોઈપણ વ્યક્તિ બીજા ઉપર ઉષ્ણ તેજોલેશ્યા ફેંકે પણ તે વ્યક્તિ પાસે એથી વધુ શક્તિશાળી તેજોલેશ્યા હોય તો ફેંકેલી લેશ્યા પાછી ફરે છે એટલું જ નહીં, ફેંકનારને તે દાહ ઉત્પન્ન કરી શકે છે કે બાળીને ભસ્મ પણ કરી શકે છે.

તેજોલેશ્યા ફેંકવા માટે તેજસ શરીરનો સમુદ્દ્ઘાત કરવો પડે છે. સમુદ્દ્ઘાતમાં પોતાના આત્મપ્રદેશોને બહાર કાઢવા પડે છે. શાસ્ત્રોમાં આવા સમુદ્દ્ઘાત સપ્ત પ્રકારના બતાવવામાં આવ્યા છે. એમાં તેજસમુદ્દ્ઘાત તેજોલેશ્યાની લબ્ધિવાળા જીવો જ કરવાને સમર્થ હોય છે. એવી લબ્ધિવાળો જીવ પોતાના આત્મપ્રદેશોને બહાર કાઢી, સ્વદેહપ્રમાણ જાડો દંડાકાર રચી, પૂર્વબદ્ધ તેજસનામકર્મના પ્રદેશોને પ્રબળ ઉદીરણા વડે ઉદયમાં લાવી, તેજસપુદ્દગલોને ગ્રહણ કરી જે તેજોલેશ્યા ફેંકે છે તેને તેજસમુદ્દ્ઘાત કહે છે. આવી તેજોલેશ્યાનાં પુદ્દગલો અચિત્ત હોય છે.

મુખ્ય છ લેશ્યાઓમાંની તેજોલેશ્યા તથા તપોલબ્ધિથી પ્રાપ્ત થતી તેજોલેશ્યા ઉપરાંત વધુ એક પ્રકારની તેજોલેશ્યાનો નિર્દેશ શાસ્ત્રગ્રંથોમાં થયેલો છે. એ તેજોલેશ્યાનો અર્થ થાય છે 'આત્મિક સુખ.' ટીકાકારે એ માટે શબ્દ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રયોજ્યો છે. 'સુખાસી-કામ.' દીક્ષા ગ્રહણ કરનાર અણગાર મુનિને જે આત્મિક સુખનો અનુભવ થાય છે તે સુખ દેવોના સુખથી ચડિયાતું હોય છે. એ માટે કહ્યું છે કે જે શ્રમણ નિર્ગ્રંથ આર્યત્વમાં એટલે પાપરહિતપણે વિચરે છે તે જો એક માસની દીક્ષાપર્યાયવાળો હોય તો વાણવ્યંતર દેવોની તેજોલેશ્યાને અતિક્રમે છે એટલે એ દેવોના સુખ કરતાં વધુ આત્મિક સુખ અનુભવે છે. એ પ્રમાણે બે માસની, ત્રણ માસની, યાવત્ બાર માસની દીક્ષા પર્યાયવાળા, પાપરહિત વિચારવાળા અણગાર ઉત્તરોત્તર અનુક્રમે વધુ ઊંચા દેવલોકના દેવની તેજોલેશ્યાને અતિક્રમે છે. બાર માસની દીક્ષા પર્યાયવાળા અણગારની તેજાલેશ્યા અનુત્તરોપપાતિક દેવોની તેજાલેશ્યાને અતિક્રમે છે.

આમ, ત્રણ પ્રકારની તેજોલેશ્યા બતાવવામાં આવી છે.

લેશ્યા અને કષાયનો અવિનાભાવ સંબંધ નથી. એટલે કે જ્યાં કષાય છે ત્યાં લેશ્યા અવશ્ય હોય જ છે, પણ જ્યાં લેશ્યા હોય તો ત્યાં કષાયો હોવા જ જોઈએ એવું નથી. એનું ઉદાહરણ કેવળજ્ઞાનીની લેશ્યા છે. કેવળજ્ઞાન થયા પછી કેવળજ્ઞાનીને ફક્ત એક શુકલ લેશ્યા જ હોય છે, પરંતુ કેવળજ્ઞાનીને કષાય હોતા નથી.

લેશ્યા અને યોગ (મન, વચન કે કાયાના અથવા ત્રણેના) વચ્ચેનો સંબંધ અવિનાભાવ છે. જ્યાં યોગ છે ત્યાં લેશ્યા છે અને જ્યાં લેશ્યા છે ત્યાં યોગ છે. લેશ્યા માટે મન, વચન અને કાયા એ ત્રણેના યોગ સાથે હોવા અનિવાર્ય નથી. એકેન્દ્રિય જીવોમાં ફક્ત કાયયોગ હોય છે. તેઓને વચનયોગ અને મનોયોગ ન હોવા છતાં તેઓને લેશ્યા હોય છે. સયોગી કેવળીને શુકલ લેશ્યા હોય છે. અયોગી કેવળી અલેશી હોય છે.

લેશ્યાનો જ્ઞાન-અજ્ઞાન સાથે સંબંધ કેવો છે એ વિશે ભગવતીસૂત્રમાં કહ્યું છે કે કૃષ્ણલેશ્યાથી પદ્મલેશ્યાવાળા જીવોમાં ચાર જ્ઞાન અને ત્રણ અજ્ઞાનની ભજના હોય છે. શુકલલેશ્યાવાળા જીવોમાં પાંચ જ્ઞાન તથા ત્રણ અજ્ઞાનની ભજના હોય છે. અલેશી જીવમાં નિયમથી ફક્ત એક કેવળજ્ઞાન હોય છે.

જેમ જેમ લેશ્યાની વિશુદ્ધિ થતી જાય તેમ તેમ જ્ઞાનની વિશુદ્ધિ થતી જાય છે. વિશુદ્ધ જ્ઞાન માટે લેશ્યાની વિશુદ્ધિ હોવી જરૂરી છે. ઉદાહરણ તરીકે વિશુદ્ધ લેશ્યા હોય તો જ જાતિસ્મર જ્ઞાન થાય છે અને તો જ અવધિજ્ઞાન થાય છે.

મન:પર્યવ જ્ઞાન અતિશય વિશુદ્ધ જ્ઞાન છે અને કૃષ્ણલેશ્યા તો સંક્લિષ્ટ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અધ્યવસાયરૂપ છે. તો પછી કૃષ્ણલેશ્યા અને મન:પર્યવ જ્ઞાનનો સંબંધ કેવી રીતે ઘટી શકે ? આ પ્રશ્નનો ઉત્તર આપતાં પ્રજ્ઞાપનાસૂત્રમાં કહેવાયું છે કે પ્રત્યેક લેશ્યાના અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ અધ્યવસાય હોય છે. એમાંથી કેટલાંયે મંદ રસવાળાં અધ્યવસાયસ્થાન પ્રમત્તસંયતને પણ હોય છે. એટલે કૃષ્ણ લેશ્યા, નીલ લેશ્યા અને કપોત લેશ્યા પ્રમત્ત ગુણસ્થાન સુધી હોય છે. બીજી બાજુ મન:પર્યવજ્ઞાન સૌ પ્રથમ થાય છે તો અપ્રમત્ત ગુણસ્થાનવાળાને જ. પરંતુ અપ્રમત્ત ગુણસ્થાન અને પ્રમત્ત ગુણસ્થાન વચ્ચે ચડઊતર, આવનજાવન થાય છે. એટલે અપ્રમત્ત ગુણસ્થાનવાળા મહાત્મા જો અને જ્યારે પ્રમત્ત ગુણસ્થાનકે આવે ત્યારે મન:પર્યવજ્ઞાન તો હોય જ છે. આ રીતે કૃષ્ણ લેશ્યાવાળાને પણ મન:પર્યવજ્ઞાન સંભવી શકે છે. આ એક સંભાવના છે. જો કે એ અત્યંત વિરલ અને અપવાદરૂપ છે.

પૃથ્વીકાય, અપકાય, વનસ્પતિકાય વગેરેમાં રહેતો કૃષ્ણ લેશ્યાવાળો (અથવા નીલ કે કપોત લેશ્યાવાળો) જીવ અનન્તર ભવમાં – પછીના તરતના ભવમાં મનુષ્યગતિ પામી શકે છે, કેવળજ્ઞાન પામી શકે છે અને મોક્ષગતિ પામી સિદ્ધ પરમાત્મા થઈ શકે છે. એવા જીવોની તેવી ભવિતવ્યતા હોય છે. એમાં આગળ જતાં એમને શુકલ લેશ્યા સહાયભૂત થાય છે. મિથ્યાત્વ ગુણસ્થાનકે પણ શુકલ લેશ્યા હોય છે.

લેશ્યા અને ધ્યાનનો વિચાર કરીએ તો આર્ત્તધ્યાન વખતે કૃષ્ણ, નીલ અને કપોત એ ત્રણ અશુભ લેશ્યાઓ હોય છે. રૌદ્રધ્યાન વખતે પણ એ જ ત્રણ અશુભ લેશ્યાઓ હોય છે. પરંતુ તેનું પરિણમન વધારે તીવ્ર હોય છે. આર્ત્તધ્યાન કરતાં રૌદ્રધ્યાનમાં લેશ્યા અતિસંક્લિષ્ટ પરિણામવાળી હોય છે. ધર્મધ્યાનના સમયે તેજો, પદ્મ અને શુકલ લેશ્યા હોય છે. શુકલધ્યાનના પહેલા બે પાયા (ચરણ)માં ફક્ત શુકલ લેશ્યા હોય છે, ત્રીજા ચરણમાં પરમ શુકલ લેશ્યા હોય છે અને ચોથા ચરણમાં જીવ લેશ્યાતીત હોય છે.

લેશ્યાઓનું પરિણમન કેવા પ્રકારે થાય છે એ વિશે ભગવાને ગૌતમસ્વામીને કહ્યું છે કે 'હે ગૌતમ ! સર્વ લેશ્યાઓ ત્રણ પ્રકારે, નવ પ્રકારે, સત્તાવીસ પ્રકારે, એક્યાસી પ્રકારે, બસો તેતાલીસ પ્રકારે અથવા એથી પણ ઘણા બધા પ્રકારે પરિણામોમાં પરિણત થાય છે. કૃષ્ણલેશ્યા નીલલેશ્યાને પ્રાપ્ત કરીને એના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શના રૂપમાં પરિણમન પામે છે. એવી જ રીતે બીજી લેશ્યાઓ પણ પરિણમન પામે છે. જેમ દૂધ મેળવણ (છાશ વગેરે ખટાશવાળું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જામણ) પ્રાપ્ત કરીને પછી એના જ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શને વારંવાર પ્રાપ્ત કરતું રહે છે અને પછી દૂધ દહીં થઈ જાય છે એ રીતે એક લેશ્યામાંથી બીજી લેશ્યાનું પરિણમન થાય છે. આ પ્રકારના પરિણમનને લેશ્યાગતિ કહેવામાં આવે છે.'

લેશ્યાનું પરિણમન કોઈ જડ વિભાજન જેવું નથી. એટલે કે એક લેશ્યા પૂરી થાય પછી જ બીજી લેશ્યા ચાલુ થાય એવું નથી. બે લેશ્યાઓના વારંવાર સંમિશ્રણથી એકમાંથી બીજીનું પરિણમન થાય છે. આ પરિણમન સતત ઊર્ધ્વગામી જ રહે અથવા સતત અધોગામી જ રહે અથવા છએ લેશ્યાએ આખું વર્તુળ પૂરું કરવાનું જ રહે એવું નથી. શુકલલેશ્યાવાળો કૃષ્ણલેશ્યામાં પણ આવી જાય અને કૃષ્ણલેશ્યાવાળો શુકલલેશ્યામાં આવી જાય. આ પરિણમન માટે કોઈ કાળ નિશ્ચિત નથી. અંતમુહૂર્તમાં એકમાંથી બીજી લેશ્યામાં પરિણમન થઈ શકે છે. પ્રસન્નચંદ્ર રાજર્ષિનું એ માટે સચોટ ઉદાહરણ છે. શુકલલેશ્યામાંથી પરમ કૃષ્ણલેશ્યા અને પરમકૃષ્ણમાંથી પરમ શુકલલેશ્યામાં પરિણમન કેટલા અલ્પકાળમાં થયું હતું ! લેશ્યાએ નરકગતિમાંથી બચાવી કેવળજ્ઞાન અપાવ્યું !

જેમ દૂધ અને દહીંનું દૃષ્ટાન્ત આપવામાં આવે છે તેમ શુદ્ધ શ્વેત વસ્ત્રમાં પડેલા કોઈ રંગનું પ્રવાહી પડતાંની સાથે જેમ પ્રસરી જાય છે એનું દૃષ્ટાન્ત આપવામાં આવે છે અથવા વૈડૂર્યમણિમાં પરોવેલા રંગીન દોરાનું દૃષ્ટાન્ત પણ આપવામાં આવે છે.

લેશ્યાના પરિણમન અને જીવનાં ઉત્પત્તિ તથા મરણ વિશે ઉત્તરાધ્યયનસૂત્રમાં કહ્યું છે :

**लेसाहिं सव्वाहिं पढ़मे समयम्मि परिणयाहिं तु ।**
**न हु कस्सइ उववाओ, परे भवे अत्थि जीवस्स ।।**
**लेसाहिं सव्वाहिं चरि मे समयम्मि परिणयाहिं तु ।**
**न हु कस्सइ उववाओ परे भवे अत्थि जीवस्स ।**
**अंतमुहुत्तम्मि गए अंतमुहुत्तम्मि सेसए चेव ।**
**लेसाहिं परिणयाहिं, जीवा गच्छन्ति परलोयं ।।**

બધી જ લેશ્યાઓમાં એના પ્રથમ સમયની પરિણતિ અને અંતિમ સમયની પરિણતિ વખતે કોઈ પણ જીવની પરભવમાં ઉત્પત્તિ થતી નથી. લેશ્યાની પરિણતિ થાય તે પછી અંતમુહૂર્તમાં જીવ પરલોકમાં જાય છે. એટલે કે મરણવેળા એ આગામી ભવની લેશ્યા પરિણમ્યા પછી અંતમુહૂર્ત બાદ અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંતમુહૂર્ત બાકી રહે ત્યારે જીવ પરલોકમાં જાય છે. લેશ્યાની વ્યવસ્થા એવી છે કે જે ગતિમાં જવાનું હોય તેવા આકારમાં મૃત્યુના એક સમય પહેલાં તે પરિણત થાય છે. પરલોકમાં જે લેશ્યા પ્રાપ્ત થવાની હોય તે લેશ્યા મરણ પહેલાં એક અંતમુહૂર્ત વહેલી આવે છે. એટલા માટે, ઉદાહરણ તરીકે, કૃષ્ણ લેશ્યાની ઉત્કૃષ્ટ સ્થિતિ તેત્રીસ સાગરોપમ ઉપરાંત વધારાના એક અંતમુહૂર્તની હોય છે. બીજી લેશ્યાઓમાં પણ તે પ્રમાણે સમજવું.

મૃત્યુ પામનાર જીવની ગતિમાં લેશ્યાના યોગ અંગે શ્રીભગવતીસૂત્રમાં કહ્યું છે કે કોઈ ગર્ભસ્થ જીવ ગર્ભમાં જ મૃત્યુ પામીને જો નરક ગતિમાં ઉત્પન્ન થાય તો મરણકાળે તે જીવનાં લેશ્યા-પરિણામ પણ તેવાં જ હોય છે. એવી રીતે કોઈ ગર્ભસ્થ જીવ ગર્ભમાં જ મૃત્યુ પામીને દેવલોકમાં ઉત્પન્ન થાય તો મરણકાળે તે જીવનાં લેશ્યાપરિણામ પણ તેવાં જ હોય છે.

મૃત્યુ સમયે જીવની જે લેશ્યા હોય છે તેમાં પણ પરિણમનની તરતમતા સંભવી શકે છે. એટલે એ પ્રમાણે મરણના પ્રકાર સ્થાનાંગસૂત્રની ટીકામાં દર્શાવ્યા છે.

મૃત્યુ સમયે લેશ્યા જેમ છે તેમ જ અવસ્થિત રહે તો એને સ્થિતિ લેશ્યામરણ કહે છે. એ સમયે જો લેશ્યા સંકિષ્ટ થાય તો સંકિષ્ટ લેશ્યામરણ કહે છે અને મૃત્યુ સમયે લેશ્યાના પર્યાયો પ્રતિસમય વિશુદ્ધ થતા રહે તો તેને પર્યવજાતલેશ્યામરણ કહે છે. મરણ સમયે લેશ્યા અવિશુદ્ધ ન થતી હોય તો અસંકિષ્ટ લેશ્યામરણ કહે છે અને પર્યાયોમાં વિશુદ્ધિ ન થતી હોય તો અપર્યવજાતલેશ્યામરણ કહે છે.

મરણના બાલમરણ, પંડિતમરણ અને બાલપંડિતમરણ તથા પંડિતબાલમરણ એવા પ્રકારો પાડવામાં આવે છે. એ પ્રકાર અનુસાર એ સમયની લેશ્યાના પર્યાયોમાં શુદ્ધિ-અશુદ્ધિની દૃષ્ટિએ પણ પ્રકારો વિચારાયા છે.

મૃત્યુ સમયની જીવની લેશ્યા કેટલી શુભ કે અશુભ છે અને એમાં પણ તે કેટલી અવગાઢ (મગ્નતાયુક્ત) છે તે પ્રમાણે જીવને પરભવમાં બોધિલાભ અને સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. ઉત્તરાધ્યાન સૂત્રના ૩૬માં અધ્યયનમાં અંતે કહ્યું છે કે જે જીવો સમ્યગ્દર્શનમાં અનુરક્ત, નિયાણુ ન કરનાર અને શુકલલેશ્યામાં અવગાઢ હોય છે અને તે જ ભાવમાં મૃત્યુ પામે છે તે જીવો પરભવમાં સુલભબોધિ થાય છે. જે જીવો મિથ્યાદર્શનવમાં અનુરક્ત, નિયાણુ કરવાવાળા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને કૃષ્ણ લેશ્યામાં અવગાઢ હોય છે અને તે જ ભાવમાં મૃત્યુ પામે છે તે જીવો પરભવમાં દુર્લભબોધિ થાય છે.

ચાર ગતિ અને ચોર્યાસી લાખ યોનિના જીવો એક ગતિમાંથી બીજી ગતિમાં, એક યોનિમાંથી બીજી યોનિમાં ઉત્પન્ન થાય ત્યારે તેમની લેશ્યાઓનું પરિણમન કેવું થાય છે એ વિશે બહુ સૂક્ષ્મતાથી ભગવતીસૂત્ર, પ્રજ્ઞાપનાસૂત્ર વગેરેમાં દર્શાવવામાં આવ્યું છે. એ આખો વિષય પરિભાષિક અને કઠિન છે, પરંતુ જો રસ પડે તો બહુ ગમે એવો વિષય છે.

આધુનિક વિજ્ઞાને જે કેટલાંક સૂક્ષ્મદર્શન સાધનો બનાવ્યાં છે એમાં કિર્લિયન ફોટોગ્રાફી પણ છે. આ ફોટોગ્રાફી દ્વારા મનુષ્યના શરીરમાંથી બહાર જે આભા (Aura) નીકળે છે એ આભામંડળનો ફોટો લઈ શકાય છે. આ ફોટોગ્રાફમાં મનુષ્યના મસ્તકની બહાર, એના મનમાં ચાલતા વિચારો, અધ્યવસાયો અનુસાર જે આભામંડળ રચાય છે તે દેખાય છે. દરેકનું આભામંડળ જુદું હોય છે. દ્રવ્ય લેશ્યામાં વર્ણ, રસ, સ્પર્શ અને ગંધ એમ ચાર હોય છે. આ ફોટોગ્રાફમાં માત્ર વર્ણ દેખાય છે. ફોટોગ્રાફનું આ આભામંડળ એ લેશ્યાનું જ સંપૂર્ણ રંગપ્રતિબિંબ છે એમ તરત નિશ્ચિતપણે નહીં કહી શકાય. એમાં હજુ સંશોધનને – અભ્યાસને ઘણો અવકાશ છે. કારણ કે લેશ્યાના છ રંગ છે, જ્યારે આભામંડળના ફોટોગ્રાફમાં વાદળી, રાખોડી વગેરે બે ત્રણ રંગ આછા કે ઘેરા દેખાય છે, પરંતુ મનુષ્યના મનમાં ઊઠતા વિચારો, ભાવો, અધ્યવસાયો અનુસાર શરીરમાં, વિશેષતઃ મસ્તકમાં સૂક્ષ્મ રંગો ઉદ્ભવે છે અને તે બહાર આવે છે એમ આધુનિક વિજ્ઞાન સ્વીકારતું થયું છે.

લેશ્યાને આભામંડળ, શરીરનાં ચક્રો, જ્યોતિષશાસ્ત્ર, રંગ ચિકિત્સા, રત્નચિકિત્સા વગેરે શાસ્ત્રો સાથે સંબંધ હોવાનું અનુમાન થાય છે. આ વિશે અભ્યાસ થવા લાગ્યો છે અને એ વિશે ભવિષ્યમાં વધુ પ્રકાશ પડવાનો સંભવ છે. (હાલ પ. પૂ. શ્રી નંદીઘોષવિજયજી મહારાજ એ વિષયમાં ઊંડો અભ્યાસ કરી રહ્યા છે.) આપણને આનંદ એ વાતનો હોઈ શકે કે અગાઉ સામાન્ય માણસો જે સૂક્ષ્મ વાતોને માનતા ન હતા અથવા માત્ર શ્રદ્ધાથી જ સ્વીકારતા હતા તે વાતો હવે તેમને પ્રતીતિકર લાગે છે અને એથી જૈન ધર્મમાં એમની શ્રદ્ધા સવિશેષ દૃઢ થાય છે.

જેઓને ધાર્મિક – આધ્યાત્મિક દૃષ્ટિએ નહીં પણ માત્ર ઐહિક જીવનની દૃષ્ટિએ વિચાર કરવો છે તેઓએ પણ એ જાણવું જોઈએ. અશુભ લેશ્યાઓના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સતત પરિણમનથી શરીરમાં રોગો ઉત્પન્ન થાય છે અને શુભ લેશ્યાઓના સતત પરિણમનથી સ્વાસ્થ્ય સારું રહે છે. પ્રજ્ઞાપના સૂત્રની મલયગિરિ-વિરચિત ટીકામાં કહ્યું છે :

**तथापि शीतरुक्षो स्पर्शौ आद्यानां तिसृणां**
**चित्तास्वास्थ्यजनने स्निग्धोष्णस्पर्शौ उत्तराणां**
**तिसृणां लेश्यानां परमसंतोषोत्पादने साधकतमौ ।**

અર્થાત્ આરંભની ત્રણ અશુભ લેશ્યાથી ચિત્તની અસ્વસ્થતા પેદા થાય છે અને પછીની ત્રણ શુભ લેશ્યાથી પરમ સંતોષ પ્રાપ્ત થાય છે. એટલે જ આપણે સામાયિક, પ્રતિક્રમણ વગેરે કરીએ છીએ ત્યારે મુહપત્તિના પડિલેહણમાં મસ્તકે મુહપત્તિ રાખી અશુભ લેશ્યા પરિહરવાની ક્રિયા કરીએ છીએ.

ભગવાન મહાવીર સ્વામીએ 'ઉત્તરાધ્યનસૂત્ર'માં કહ્યું છે :

**तम्हा एयासि लेसाणं, अणुभावे वियाणिया ।**
**अपसत्थाओ वज्जिता पसत्थाओ अहिट्ठिए मुणि ।।**

આમ, આ લેશ્યાઓના અનુભવો જાણીને મુનિએ અપ્રશસ્ત લેશ્યાઓ છોડીને પ્રશસ્ત લેશ્યાઓમાં અવસ્થિત રહેવું.

ભગવાને મુનિઓને જે બોધ આપ્યો છે તે ગૃહસ્થોએ પણ ગ્રહણ કરવાયોગ્ય છે. એક વખત લેશ્યા વિશે સમજ પડે અને એ વિશે સભાનતા આવે તો અશુભ લેશ્યામાં સરી ન પડવું અને સરી પડાય તો તરત શુભ લેશ્યામાં આવી જવું જોઈએ. લેશ્યા એ જીવને મોક્ષગતિ સુધી પહોંચાડનાર એક વિશિષ્ટ શક્તિ છે.

❑

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org